જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૮/૨૦૧૪ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૧૬૪/૧૪**

### સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પોલીસ સ્ટેશનમાં પકડાયેલ ગૌમાસ ના ગુન્હામાં છેલ્લા એક વર્ષથી વોન્ટેડ આરોપી મહમદ હુશૈન શફીભાઇ કુરેશીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર

અમદાવાદ શહેરમાં વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા સારુ પોલીસ કમિશ્નરશ્રી શિવાનંદ ઝા સાહેબનાઓએ આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી સાહેબ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરના ઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી આર.બી.રાણા સાહેબના સીધા મર્ગદર્શન અને સુચના અનુશાર પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાંન શાહપુર મિરઝાપુર મટન માર્કેટ ખાતેથી PC જાવેદખાન યાસીનખાન નાઓની બાતમી આધારે સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પોલીસ સ્ટેશન II ગુ.ર.નં.૩૦૮૭/૨૦૧૩ પશુ ધાતકી પણાની કલમ ૧૧(૧) ડી.ઇ. એફ.વિગેરે મુજબના ગુનામાં વોન્ટેડ આરોપી મહંમદ હુશૈન S/o શફીભાઇ કુરેશી ઉવ.૪૯ રહેવાસીઃ મકાન નંબરઃ ૭૬૫, મિરસાબની મોહલત, ત્રણ ખુણીયા બગીચા પાસે, શાહપુર, અમદાવાદ શહેરનાને CRPC કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરવામાં આવેલ છે.પકડાયેલ આરોપી અગાઉ શાહપુર પોલીસ સ્ટેશનમાં મારા મારીના ગુન્હામાં પકડાયેલ છે જેની વધુ પુછપરછ ચાલુ છે.

### કાલુપુર મોબાઇલ માર્કેટમાંથી ચોરી કરેલા મોબાઇલ ફોનના જથ્થા સાથે બે ઇસમોને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર

અમદાવાદ શહેરમાં વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ અટકાવવા સારુ પોલીસ કમિશ્નરશ્રી શિવાનંદ ઝા સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી સાહેબ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરના ઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી આર.બી.રાણા સાહેબના સીધા મર્ગદર્શન અને સુચના અનુશાર પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાંન કાલુપુર મસ્કતી માર્કેટના નાકા સામેથી એ.એસ.આઇ. અરવિંદભાઇ સોમાભાઇ નાઓની બાતમી હકિકત આધારે જુદી જુદી ચાઇના કંપનીના મોબાઇલ ફોન નંગ.૨૭ કિ.રુ.૨૯,૪૦૦/- ના મુદામાલ સાથે આરોપીઓ (૧) હિરેન S/o અશ્વિનભાઇ ચંપકલાલ શાહ ઉવ.૨૫ રહેવાસીઃ ઘર નંબર એસ/૮, પાર્શ્વનાથ શોપિંગ સેન્ટર, મામા કલ્યાણ ચાર રસ્તા પાસે, નિકોલ રોડ, નરોડા, અમદાવાદ શહેર તથા (૨) નામ સુરેશ S/o વાસુદેવભાઇ ગીધવાણી ઉવ.૨૯ રહેવાસીઃ ઘર નંબર ૪, પહેલો માળ, શુકૃતી એપાર્ટમેન્ટ, એલ.જી.કોર્નર, મણીનગર, અમદાવાદ શહેર નાઓને ઝડપી પાડી કાલુપુર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૦૪/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુન્હો ડીટેકટ કરવામાં આવેલ છે.

**ગુમથયેલ છોકરાના વાલીવારસ પાસેથી મજબુરીનો ગેરલાભ ઉઠાવી ખોટી હકીકત આપી મોટી રકમની માંગણી કરતા ઈસમને પકડી પાડતી ક્રાઇમ બ્રાન્ચ**

અમદાવાદશહેર ક્રાઇમ બ્રાન્ચના ડીસીપીશ્રી હિમાંશુ શુકલ નાઓની સુચના મુજબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમબ્રાન્ચ તથા એ.સી.પી.શ્રી સાયબરક્રાઇમ સેલનાઓના માર્ગદર્શન હેઠળઅમદાવાદ શહેરમાં તાજેતરમાં બનેલ અપહરણ તથા ગુમ થયેલ ઈસમો બાબતે ઉંડાણપુર્વક તપાસ કરી આવા ગુમથયેલ વ્યક્તિઓને શોધી કાઢવા ભારપુર્વક જણાવેલ હોય જે સુચના અને માર્ગદર્શન આધારે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી કિરણ પટેલની ટીમના પો.સબ.ઇન્સ.રાજેશ સુવેરાના ઓસ્ક્વોડનામાણસોસાથેછેલ્લા ઘણા સમયથી વટવા વિસ્તારમાંથી એક આદિત્ય પટેલ ઉર્ફે મોન્ટુ ઉ.વ.૨૨ નો તા.૫/૭/૨૦૧૪ ના રોજ ગુમ થયેલ હતો તેની શોધમાં હતા.

આ ગુમ થયેલ આદિત્ય પટેલ ઉર્ફે મોન્ટુના સગાવહાલાઓએ તેની ભાળ મેળવવા માટે અને કોઈ વ્યક્તિને તેની ભાળ મળે તો તેની જાણ કરવા માટે તેના ફોટા તથા સગાવહાલાઓના મોબાઈલ નંબરોની માહિતી દર્શાવતા પોસ્ટરો છપાવી અમદાવાદ તથા અન્ય શહેરોમાં જાહેર જગ્યાઓ ઉપર લગાવેલ હતાં.આદિત્ય પટેલ ઉર્ફે મોન્ટુના સગાવહાલાઓ ઉપર એક અજાણ્યા ઈસમનો ફોન આવેલ જેમાં આ ગુમ થયેલ આદિત્ય પટેલ ઉર્ફે મોન્ટુ પોતાના કબજામાં હોવાનું જણાવેલ અને જો છોકરો પાછો જોઈતો હોય તો તેના બદલામાં રુપિયા દોઢલાખ આપવા પડશે તેવો ધમકીભર્યો ફોન કરેલ અને પૈસા ભરવા માટે બેંક એકાઉન્ટ નંબર આપી ખંડણી માંગેલ હતી. આ છોકરો હેમખેમ તેના વાલીને મળે અને આ ખંડણી માંગનાર ઈસમોની ચુંગાલમાંથી છોડાવવા માટે .મેન્યુઅલ અને ટેકનીકલ રીતે પ્રયત્નો શરૂ કરેલ તેમજ બેંક એકાઉન્ટમાં જરુર પડ્યે પૈસા પણ ભરવાની તૈયારી કરેલ અને માંગણી કરનાર ઈસમ પોતે બરોડા અને ભરુચ સાઈડથી બોલું છું તેવું જણાવી પોલીસ તેમજ છોકરાના વાલી વારસોને ગુમરાહ કરતો હતો.

આ ફોન કરનાર વ્યક્તિએ છોકરાનો પત્તો બતાવેલ નહિ જેથી ટેકનીકલ સપોર્ટના આધારે તપાસ કરતાં ફોન કરનાર વ્યક્તિને પકડવામાં સફળતા મળેલ અને આ ફોન કરનાર વ્યક્તિ મુકેશ કલીરામ શ્રીવાસ(નાયી) ઉવ.૨૮ રહેવાસી ૨૫, નંદાનગર સોસાયટી ડિઝલશેડની સામે નંદાનગરસોસાયટી પાસે વટવાજી.આઇ.ડી.સી. અમદાવાદશહેર મુળવતન ગામ મજતોરા, લહાર તા.લહારજિલ્લા`ભીડ મધ્યપ્રદેશ નાને આજરોજ તા.૨૨/૮/૨૦૧૪ ના વટવા રેલ્વે ફાટક પાસેથી દબોચી લીધેલ છે. આ ગુમ થનાર છોકરો તેના કબજામાં હોવા બાબતે તેની ઘનિષ્ટ પુછપરછ કરતાં તે વટવા રેલ્વેસ્ટેશન ખાતે નાસ્તો કરવા માટે ગયેલ ત્યારે રેલ્વે સ્ટેશનની દિવાલ પર એક પોસ્ટર ચોંટાડેલ હતુ તેમા`આ ગુમ થનાર આદિત્ય પટેલનો ફોટો હતો તેમાં નીચે ત્રણ મોબાઇલ ફુન નંબર તથા નામ લખેલ હતા`જેથી આ છોકરાના વાલીવારસો પાસેથી યેનકેન પ્રકારે મોટી રકમ પડાવવાનો પ્લાન કરેલ અને તે પ્લાન મુજબ પોતાની પાસેના મોબાઇલ ઉપરથી પોસ્ટરમાં લખેલ નંબરો પૈકી મોબાઇલો ઉપર ફોન કરી આ છોકરાના વાલીવારસ સાથે વાત કરી તેઓ પાસે પૈસાની માંગણી કરેલ અને આ નાણા મેળવવા માટે તેણે ગુમ થયેલ **છોકરા** અંગેની ખોટી માહિતી જણાવેલ હતી ખરેખર છોકરા વિશે તેની પાસ`કોઇ જ માહિતી નથી. પરંતુ તેણે પૈસા પડાવવા માટે આ યુક્તિ અજમાવેલાનું જણાઈ આવેલ છે.તેમછતાં આ પકડાયેલ ઈસમ આ છોકરા બાબતે કોઈ હકીકત જાણે છે કે કેમ? તથા તેણે આ મોડસ ઓપરેન્ડીથી બીજા કોઈ નાગરિકોને ભોગ બનાવેલ છે કે કેમ તે બાબતે ઘનિષ્ટ તપાસ પુછપરછ ચાલું છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.